# વ્યક્તિ વિશેષ - કેશવભાઈ

સામાન્ય રીતે નાના મોટા કોઈની સાથે પણ આપણે જ્યારે અમુક ટમુક કાર્યક્રમ કે પ્રવૃત્તિમાં ભાગ કે રસ લેવાનું કહીએ ત્યારે સર્વસામાન્ય 'સમય નથી', નું બહાનું સાંભળવા મળતું હોય છે. પણ જેમની સાથે છેલ્લા ૩૫ વર્ષથી હું કામ કરી રહી છું અને જેમની પાસેથી ક્યારે પણ 'સમય નથી' એમ સાંભળવા નથી મળ્યું એ વ્યક્તિ છે કેશવભાઈ. આપણા સમાજમાં જેઓ એક અનોખી પ્રતિભા છે એવા કેશવભાઈની ઓળખ આપવાનો હું આ લેખમાં પ્રયાસ કરીશ.

કેશવલાલ જે પટેલ, જેમને નાના મોટા બધા 'કે.જે.' તરીકે બોલાવે છે તેમનો જન્મ એમના મોસાળ મટવાડમાં ઓકટોબર ૧૯૩૬માં થયો હતો. એમના દાદા રણછોડ લાલા ધોક ૧૯૪૨માં કેશવભાઈને મટવાડ થાણા પર આઝાદી ઝુમ્બેસનું સરઘસ જોવા લઈ ગયેલા જ્યાં એમને પગમાં ગોળી વાગેલી અને જેને લીધે ઘણા વર્ષ તકલીફ વેઠી સહીદ થયેલા. બચપણનો આ એક પ્રસંગ એમને હજી પણ યાદ છે. કેશવભાઈ મટવાડમાં ત્રણ ધોરણ, બોદાલીમાં એક અને નવસારીમાં એક એમ પાંચ વર્ષ દેશમાં ભણી ૧૯૪૮ ના જુન માસમાં મોનસુનના તોફાની દરીયામાં સ્ટીમરમાંમોમ્બાસા પહોંચ્યા અને ત્યાંથી પછી નાઈરોબી જ્યાં તેઓ બીજા પાંચ વર્ષ સિનીયર કેમ્બ્રીજ સુધી ભણ્યા. અને નોકરીએ લાગી ગયા. ઈનસ્યોરન્સ કંપની અને રેલ્વેમાં મુખ્યત્વે સેવા આપી પણ સાંજને સમયે હિસાબનીશ તરીકે ટ્રાવેલ એજન્સી, કોરોસપોન્ડેન્સ સ્કુલ અને શનિ રવિ નાઈરોબી રેસકોર્સ પર પણ ઘણા વર્ષ કામ કરતા રહેલા.

૧૯૬૪ની સાલમાં લગ્ન થયાં. ૧૯૬૫ પછી કેન્યાની આઝાદીની લડતના દિવસોમાં ભવિષ્યમાં કેવા સંજોગો આવશે ના વિચારે રેલ્વેના કેટલાક મિત્રો સાથે મળી સાંજના બે ત્રણ કલાક કાઢી એકાઉન્ટેન્સીનો છ વર્ષ લાબો અભ્યાસ શરુ કર્યો. માતાપિતા અને ભાઈબહેનોને યુ.કે. મોકલાવ્યા અને અભ્યાસમાં મન પરોવ્યું. ૧૯૭૧માં આઈ.સી.એમ.એ. ની ફાઈનલ પરિક્ષા પુરી કરી તરતજ લતાબહેન અને બે બાળકો સાથે આફ્રીકા છોડી લંડન પહોંવ્યા.

કુટુંબના બધા વેસ્ટબ્રોમવીચમાં હતા પણ એમને ત્યાં જોઈતું કામ ન મળ્યું એટલે મિત્રના આમંત્રણથી લંડન આવ્યા અને લંડન ટ્રાન્પોર્ટની બજેટ ઓફીસમાં જોડાયા. ત્રણ વર્ષમાં ત્રણ પ્રમોશન પછી એથી પણ સારી ઓફર આવતાં એમણે ૧૯૭૪માં નેશનલ હેલ્થ સરવીસમાં જોડાયા અને ત્યાં તેર વર્ષની સરવીસમાં દરમિયાન એસીસ્ટનટ ટ્રેઝરરની પદવી મેળવી. ૧૯૮૭માં નેશનલ હેલ્થ સરવીસ છોડી એક પ્રાયવેટ સોસિયલ રીસર્ચ કંપની - ઓવરસીઝ ડેવેલોપમેન્ટ ઈન્સ્ટીટયુંટ -માં એકાઉન્ટંટ તરીકે જોડાયા અને પછી ત્યાં થી જ ૨૦૦૦ની આખરે નિવૃત થયા.

સંક્ષીપ્તમાં લખેલા ઉપરના ત્રણ ફકરામાં આપણને આપણા સમાજના ઘણા બધાની વ્યવસાયી કારકિર્દીના દર્શન થશે. પણ કેશવભાઈનું કાર્ય આટલા ટુંકા વર્તુળમાં જ સમાયેલું નથી. જેટલા કલાકો એમણે વ્યવસાયમાં આપ્યા એટલા કે એથી પણ વધું કલાકો એમણે સમાજ સેવા, સમાજ ચિંતન અને સમાજને માર્ગદર્શનમાં આપ્યા છે.

એમની સમાજ સેવાની શરુઆત ૧૯૫૮ની સાલમાં 'માંધાતા મંડળ, નાઈરોબી' ની સમિતિમાં ચુટાઈને થઈ. કદાચ કામ અને અભ્યાસના ભાર નીચે ૧૯૬૫થી ૧૯૭૧ના વર્ષો દરમિયાન જ તેઓ સમાજને પુરતો સમય ન આપી શક્યા હશે પણ પછી લંડન આવી થોડા મહિનામાં જ અન્ય મિત્રો સાથે મળી વેમ્બલીમાં માંધાતા મંડળ સ્થાપવાની પેરવીમાં પડયા. સ્થાપના પછી ઘણા વર્ષો સુધી ખજાનચી તરીકે અને પછી પ્રમુખ અને અત્યારે ટ્રસ્ટી તરીકે સૌને સમાજ સેવા માટે પ્રોત્સાહન કરે છે.

૧૯૭૪માં મંડળની ગુજરાતી શાળા શરુ કરવાને ત્યારની સમિતિને પ્રેર્યા અને એ માટેની બધી કામગીરી એમણે સંભાળી. ૩૨ વર્ષથી ચાલતી આપણી આ શાળામાં એક સમયે ૩૦૦ વિદ્યાર્થીઓ અને ૧૮ શિક્ષકો હતા દર વર્ષે આશરે ૨૦ બાળકો ગુજરાતી જી.સી.એસ.ઈ.ની પરીક્ષા આપે છે અને અત્યાર સુધીમાં લગભગ ૬૦૦ વિદ્યાર્થીઓ એ જી.સીએસ.ઈના સર્ટિફીકેટ મેળવયાં છે. માંધાતા ગુજરાતી શાળા લંડનમાં જુનામા જુની છે અને આગળ પડતી પણ છે. અત્યારે જ્યારે ઠેર ઠેર ગુજરાતી શાળાઓ શરુ થઈ છે અને બાળકોએ નજીકની શાળામાં જાય છે ત્યારે

પણ આપણી શાળામાં લગભગ ૧૮૦ વિદ્યાર્થીઓ છે. માતૃભાષાનો પાયો નાખનાર કેશવભાઈને અભિનંદન. એમના પત્ની શ્રીમતી લતાબહેન વર્ષોથી ગુજરાતી શાળાના શિક્ષિકા છે. પતિને પગલે તેઓ પણ ભારતીય સંસ્કૃતિનું પ્રદાન કરી રહ્યા છે.

માંધાતા યુથ ક્લબની પણ ૧૯૭૪માં સ્થાપના કરી અને યુથ લીડર તરીકે ૨૦ વર્ષ સુધી યુવાનોને માર્ગદર્શન આપતા રહ્યા. આજે એ યુવાનો મુખ્યત્વે માંધાતા યુથ અને કોમ્યુનિટી એસોશિએશનનું સંચાલન કરે છે.

શાળા અને યુથ ક્લબની પ્રવૃત્તિને લીધે સરકાર અને કાઉનશીલના કાયદા કાનુંનોથી વાકેફ થઈ સમાજના મકાન માટે ગ્રાન્ટ મેળવવા ઓફિસરોને મળી અરજીઓ મંજુર કરાવી. આ માટે નિમાયેલી સમિતિમાં કેશવભાઈનો ફાળો ઘણો અગત્યનો હતો. એ માટે ફંડફાળો અને ચાર તબક્કે મકાન બનાવવાની પ્રવૃત્તિમાં બીલ્ડીગ સુપરવાઈઝરની જવાબદારી પણ એમણે જ સંભાળી હતી. આજે પચ્ચીસ વર્ષથી આપણે મકાનનો લાભ લઈ રહ્યા છે. સેન્ટરની એકેએક પ્રવૃત્તિમાં એમની અને એમના પત્નીની હાજરી જરુર હોય. એમ.વાઈ. સી. એ એમને સુવર્ણચંદ્રક એનાયત કરી સંન્માન કર્યા છે.

લંડન મંડળનું મુખપત્ર 'માંધાતા નવસર્જન' ના પહેલા અંકથી જ તેઓ સ્વ. બચુભાઈ સાથે મળી અંગ્રેજી વિભાગ તૈયારકરતા રહ્યા અને પાછળથી પુરી જવાબદારી એમણે જ સંભાળી. એજ પ્રમાણે ૧૯૮૦માં શરુ કરવામાં આવેલું 'માંધાતા પ્રગતિ'નું પણ કામ એમણે કર્યુ અને હજી પણ કરી રહ્યા છે. વિપુલ પ્રમાણમાં એમના વાંચનનો લાભ આપણને આપતા રહે છે.

માંધાતા સમાજ યુ.કે. માં સમિતિ સભ્ય અને ટ્રસ્ટી રહી વર્ષોથી પ્રકાશન પેટા સમિતિ અને ગામોન્નતિ પેટા સમિતિ ને યોગ્ય માર્ગે દોરી. સમાજમાં જાગૃતિ અને ભાઈચારો વધે એ માટે નવસારીથી પ્રગટ થતા આપણા સમાજના માસિક 'નવ પ્રગતિ' ને દર ત્રીજે માસે સ્પોન્સર કરવા માંધાતા સમાજ યુ.કેને પ્રર્યા અને એની જવાબદારી હજી પણ તેઓ જ સંભાળે છે. સમાજનું બંધારણ પણ એમણે જ તૈયાર કર્યુ અને ચેરીટી કમીશનમાં રજીસ્ટર કરાવડાવ્યું.

૧૯૮૩ના વર્ષમા કાંઠા વિભાગ ફ્રેન્ડશીપ ટ્રસ્ટ સ્થાપી દેશમાં પણ નવસારી તાલુકાના છપ્પન ગામોમાં વિકાસના અને ખાસ કરીને લોકો પગભર થાય એવી પ્રવૃત્તિના દર વર્ષે લગભગ ૨૦ કાર્યક્રમો યોજવાની આર્થીક જવાબદારી લે છે. આ ટ્રસ્ટની કામગીરીથી પ્રભાવીત થઈ અહી લોટરી ફંડે પણ પચ્ચીસ હજાર પાઉંડની મદદ કરી હતી. ગુજરાત એગ્રીકલચરલ કોલેજના રીસર્ચ ડાયરેક્ટર ડો. રમણભાઈ બી પટેલ ઘણીજ સફળતાપૂર્વક દેશમાં આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ ચલાવે છે.

એમના ગામ બોદાલીને તો કેમ જ ખુલી જવાય. પ્રમુખ, મંત્રી, ખજાનચી વગેરે જવાબદારી સંભાળી બોદાલી સેવા મઃડળ, યુ.કે.ને નવું બંધારણ અને ચેરેટીબલ સ્ટેટસ અપાવ્યું અને ગામમાં વિકાસના કામો માટે એક અનોખો એન્ડોવમેન્ટ ફંડ મંજુર કરાવ્યો અને જોત જોતામાં મોટું ભંડોળ સ્થાપ્યું. આજે બોદાલીના વિકાસના કામો મોટે ભાગે આ ફંડમાં જમાં થતા વ્યાજમાંથી થાય છે.

લંડનમાં પ્રવૃત ગુજરાતી સાહિત્ય અકાડમીના તેઓ આ જીવન સભ્ય છે અને ગુજરાતી સાહિત્યને લગતી પ્રવૃત્તિઓ માં અચુક હાજરી આપે છે. સમાજમાં લેખન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે એ હેતુંથી હરકોઈ લખી શકે એવું ઓંજલ ગામના શ્રી ગોપાળભાઈ બી પટેલની ડાયરીઓના પ્રકાશન માટે એમણે ત્રણ લાખથી વધુ રૂપીયાની મદદ કરી અને અન્યને પણ એ માટે મદદ કરવા પ્રેર્યા. ચાર ડાયરીઓ પ્રગટ થઈ ચુકી છે અને પાંચમી નું કામ ચાલુ છે. એ ઉપરાંત બે કવિતા અને લેખોની બુકોનું પણ પ્રકાશન થયું છે.

અહી યુ.કે.માં કે દેશના આપણા સમાજમાં કેશવભાઈએ નિશ્વાર્થ પુર્વક પચાસ વર્ષથી પ્રમાણિક સેવા આપી છે. હજી પણ એટલા જ ઉત્સાહથી એમના અનુભવનો લાભ આપણને બધાને આપે છે. ઈમેઈલથી દર અઠવાડિએ સેકડોના

સંપર્કમાં રહે છે અને અહીં યુ.કે.માં શું કે દેશમાં શું જ્યારે આપણને કાંઈ માહિતીની જરુર પડે છે ત્યારે લગભગ બધાજ કેશવભાઈને યાદ કરે છે અને એમના તરફથી સંતોષકારક જવાબ કે માર્ગદર્શન પણ મળે છે.

પ્રવૃતિ અને પ્રગતિમય એવી આપણી આ જ્ઞાતિવિશેષ વ્યક્તિ તનમનધનથી 'શતાયુ ભવો' અને એમનું જીવન કાર્ય અન્ય માટે પ્રેરણારૂપ બની રહે એજ અભ્યપ્રાર્થના. જીવન સંધ્યાના વર્ષો વધુને વધુ સોહામણા બને એવી માંધાતા મંડળની શુભ કામના.

ચંદ્રકલાબહેન બચુભાઈ પટેલ. વેમ્બલી.